# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

| પરીક્ષાર્થી ક્રમાંક |
| --- |
| |

**શિક્ષણ વિદ્યાશાખા(IASE)**

**માસ્ટર ઑફ એજ્યુકેશન (એમ.એડ્.) : સત્ર – 4**

**વસંત પંચમી સત્ર, સત્રાંત પરીક્ષા : મે-2025**

**MED402 : વૈકલ્પિક જૂથ-3 : શૈક્ષણિક પદ્ધતિશાસ્ત્ર(Educational Pedagogy)**

**તા. : 02-05-2025** **સમય : 2-30 થી 5-00**

**વાર : શુક્રવાર** **કુલગુણ : 60**

After completion of this course, the student/ participant....

1. શિક્ષણના પદ્ધતિશાસ્ત્રના વિવિધ અભિગમો જેવા કે વર્તનવાદી, રચનાવાદી તથા મુક્તવાદી અભિગમની સમજ ધરાવે છે.
2. વિવિધ અભિગમ અંતર્ગત આવતી અધ્યાપન પદ્ધતિઓના ઉપયોજનની ક્ષમતા ધરાવે છે.
3. અધ્યાપનના વિવિધ સ્વરૂપો જેવા કે શિક્ષકકેન્દ્રી, વિદ્યાર્થીકેન્દ્રી તથા જૂથકેન્દ્રી અધ્યાપન વચ્ચેનું સામ્ય-વૈષમ્ય તારવે છે.
4. વિદ્યાર્થી પોર્ટફોલિયોના મૂલ્યાંકન અંગેની સમજ ધરાવે છે.
5. વર્ગખંડમાં વિદ્યાર્થીને યોગ્ય પ્રતિપોષણ આપવાનું કૌશલ્ય ધરાવે છે.

**પ્રશ્ન 1 નીચેનામાંથી કોઈ પણ ત્રણ પ્રશ્નોના ઉત્તર લખો.** (18)

1. શિક્ષણનું પદ્ધતિશાસ્ત્ર એટલે શું? શાળા કક્ષાએ શિક્ષણના પદ્ધતિશાસ્ત્રની લાક્ષણિક્તાઓ વર્ણવો.
2. પોર્ટફોલિયો શું છે? તેનું સ્વરૂપ વર્ણવો.
3. રચનાવાદી અધ્યયનના સંદર્ભે 4E અભિગમનું સ્વરૂપ ઉદાહરણ સહ વર્ણવો.
4. શિક્ષણમાં ક્ષેત્ર પ્રવાસનું સ્વરૂપ સમજાવો. આ પદ્ધતિનું શું મહત્ત્વ છે?
5. નિરીક્ષિત સ્વાધ્યાય પદ્ધતિ શું છે? સ્વાધ્યાય પદ્ધતિ અને નિરીક્ષિત સ્વાધ્યાય પદ્ધતિ વચ્ચેનો તફાવત વર્ણવો.

**પ્રશ્ન 2 નીચેનામાંથી કોઈ પણ એક પ્રશ્નનો ઉત્તર લખો.** (12)

1. અધ્યાપન પદ્ધતિ એટલે શું? શિક્ષકકેન્દ્રી અધ્યાપન પદ્ધતિઓ જણાવી કોઈ એક પદ્ધતિ વિશે વિગતે ચર્ચા કરો.
2. પ્રકલ્પ પદ્ધતિની સંકલ્પના સ્પષ્ટ કરી ઉદાહરણ સહ આ પદ્ધતિનાં સોપાનો વર્ણવો. આ પદ્ધતિનું શિક્ષણમાં શું મહત્ત્વ છે?

**પ્રશ્ન 3 નીચેનામાંથી કોઈ પણ એક પ્રશ્નનો ઉત્તર લખો.** (08)

1. સિનેક્ટિકનો અર્થ શો છે? સિનેક્ટિક અભિગમ આધારીત શિક્ષણનાં સોપાનો ઉદાહરણસહ વર્ણવો.
2. જૂથ અધ્યયન પદ્ધતિ એટલે શું? જૂથ અધ્યયન પદ્ધતિનાં સ્વરૂપની વિગતે છણાવટ કરો. આ પદ્ધતિમાં શિક્ષકની ભૂમિકા સ્પષ્ટ કરો.

**પ્રશ્ન 4 નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના ઉત્તર લખો.** (12)

1. પ્રતિપોષણ એટલે શું? ઉદાહરણ સહ લેખિત પ્રતિપોષણ અને મૌખિક પ્રતિપોષણ સમજાવો.
2. વિદ્યાર્થી દ્વારા શિક્ષકના પ્રગટ મૂલ્યાંકનનું સ્વરૂપ, મહત્ત્વ અને મર્યાદાઓ જણાવો.
3. ટૂંકનોંધ લખો : પાત્રાભિનય
4. અભિક્રમિત અધ્યયનના સિદ્ધાંતો સવિસ્તર સમજાવો.
5. રચનાવાદી અભિગમના પ્રણેતાઓ કોણ છે? આ અભિગમ આધારીત શિક્ષણની લાક્ષણિક્તાઓ વર્ણવો.

**પ્રશ્ન 5 નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં ઉત્તર લખો.** (બધા જ પ્રશ્નો ફરજિયાત છે). (10)

1. વર્તનવાદી અભિગમના પ્રણેતાઓ કોણ છે?
2. મુક્તવાદી અભિગમની કોઈપણ બે લાક્ષણિક્તાઓ વર્ણવો.
3. 5E અને 7E વચ્ચે શો તફાવત છે?
4. વિલંબિત પ્રતિપોષણની શી મર્યાદા છે?
5. હ્યુરિસ્ટિક એટલે શું?

-----*-----